શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,સમગ્ર શિક્ષા,
સેકટર–૧૭, ગાંધીનગર, (ગુજરાત રાજય)
હેલ્પલાઈન નં. ૧૮૦૦–૨૩૩–૭૯૬૫
E-mail : spossamedia@gmail.com,

ક્રમાંકઃએસ.એસ.એ/એમ.એન્ડડી/૨૦૨૧/ ૨૬૬૩૦-૬૬૭ તા. ૭.૮.૨૦૨૧

પ્રતિ
૧.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા તમામ
૨.શાસનાધિકારીશ્રી તમામ અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

વિષયઃ ૧૫ ઓગષ્ટ-૨૧ સ્વાતંત્રય દિન નિમિતે વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,વર્ષ-૨૦૨૧-૨૨માં સમાજ જાગૃતિ તથા જન જાગૃતિના સંદર્ભમાં ગામના નાગરિકો,કેળવણીકારો,શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ ધરાવશે તેટલી શાળા વધારે જીવંત તથા સમૃધ્ધ બનશે.ઉપરાંત ગામના તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે.પરિણામે શાળા ધ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે.ઘર એ પણ એક શાળા છે.વાલી જાગૃત હશે,તો જ બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે.આ સંદર્ભમાં રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ કે.જી.બી.વીમાં વર્ષ- ૨૦૨૧-૨૨માં વાલી સંમેલનનું આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) <u>વાલી સંમેલનના ચર્ચા કરવાના મુદાઓ</u>

- સમગ્ર શિક્ષા ની અલગ અલગ એકટીવીટીની ચર્ચા.
- શાળામાં શિક્ષણ WSDP (Whole School Development Plan) પર વિચારણા અને ચિંતન.
- શાળા સ્વચ્છતા , ટોયલેટ સ્વચ્છ તેમજ ચોખ્ખું પાણી અંગે ચર્ચા .
- બાળકોના પ્રવેશ નિયમિતતા શિક્ષણની ગુણવત્તા.
- ૬ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના આયોજન બાબત.
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો CWSN સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
- ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- ડ્રોપ આઉટ અને કન્યા શિક્ષણ માટે ચિંતન.
- જ્ઞાનકુંજ પ્રોજેકટ,સ્કૂલ ઓફ એકસીલન્સ કાર્યક્રમ બાબતે ચર્ચા.
- સાંસ્કૃતિક પ્રવૃતિઓ રમત ગમતના કાર્યક્રમો બાબતે વિચારણા
- વૃક્ષારોપણ,જળસંચય,ગ્રીનસ્કુલ,કમ્પ્યુટર લેબનો ઉપયોગ માટે વિચારણા.

(૨) **<u>વાલી સંમેલનમાં કોણ આમંત્રિત હશે</u>**.એસ.એમ.સી/કે.એમ.સીના સભ્યો ઉપરાંત શાળામાં ભણતાં અન્ય બાળકોના વાલીઓ,જે તે વિસ્તારના વડીલ આગેવાન વ્યકિતઓ,ગામના રોલ મોડેલ સમાન વ્યકિતઓ ગામ પ્રેરક અને કર્મનિષ્ઠ વ્યકિતત્વ ધરાવતા કેળવણીકારો.

(૩) **<u>શાળાઓમાં પ્રવૃતિઓની ચર્ચાઃ-</u>**

**પ્રથમ** સત્રમાં તમામ એસ.એમ.સી/કે.એમ.સી.માં ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૧ ના સ્વાતંત્રય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી કરવાનું આયોજન કરવાનું રહેશે.

(૪) **<u>શાળા સુવિધા ગ્રાન્ટની ચર્ચાઃ-</u>**

એક વાલી સંમેલનના સરભરા ખર્ચ રૂ.૨૦૦/-અને ડોકયુમેન્ટેશનના રૂ.૧૦૦/-મંજુર થયેલ છે.જેથી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તથા કે.જી.બી.વીમાં શાળા દીઠ રૂ.૩૦૦/-ખર્ચ કરવાનો રહેશે. આ ખર્ચ **GOG Budget EDN-10** હેઠળ ઉધારવાનો રહેશે.આ અંગેની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી એસ.એમ.સી/કે.એમ.સી માં **PFMS** થી જમા થાય તે રીતે કાર્યવાહી કરવા ડી.પી.સીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

(૫) **<u>વાલી સંમેલન માં નીચે મુજબની ખાસ તકેદારી રાખવીઃ-</u>**

1. વાલી સંમેલનમાં આવનાર સભ્યોને (કોવીડ-૧૯)ગાઇડ લાઇનનું ચુસ્તપણે પાલન કરવા પણ જણાવવામાં આવે છે.
2. વાલી સંમેલનની સફળતાની શરતો માટે અસરકારક આયોજન તથા મોનીટરીંગ કરાવવાનું રહેશે.
3. જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં સહીઓ લેવી તથા ડોકયુમેન્ટેશન કરાવવાનું રહેશે.
4. વાલી સંમેલનમાં જે સુચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવાનું રહેશે. .
5. વાલીસંમેલનનો સમય ગામના આગેવાનો તેમજ વાલીઓને અનુકૂળ હોય તેવો રાખવાનો રહેશે.
6. વાલી સંમેલનનું પત્રક (જિલ્લાનું એકંદરીકરણ પત્રક)આ સાથે તૈયાર કરી સામેલ રાખેલ છે.જેમાં માહિતી ભરી અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે.

**નિયામક**
**પ્રાથમિક નિયામકની કચેરી ગુ.રા**
**ગાંધીનગર**

નિયામક
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી**
**સમગ્ર શિક્ષા,ગાંધીનગર**
**ગુ.રા**

<u>સવિનય નકલ રવાનાઃ</u>
- પી.એ.ટુ માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ ગુ. રા.,બ્લોક.નં.૫/૭ સરદાર ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના :</u>
- કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (કયુઇએમ)જિલ્લા કો.ઓ.જિ.તમામ અને નગરપાલિકા તમામ